For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દિવાળીના તહેવારોમાં ચાર દરવાજા સહિતના વિસ્તારોમાં ટ્રાફિકની વિકટ સમસ્યા

મોડીરાત સુધી શહેરના બજારોમાં ખરીદી માટે ભારે ભીડ

ઈમર્જન્સી વાહનોને પણ ટ્રાફિકમાંથી પસાર થવા મુશ્કેલી : મુખ્ય વિસ્તારોમાં વધારાના પોલીસ પોઈન્ટ મુકવા માગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

દિવાળીના તહેવારો શરૂ થવાની સાથે જ ટ્રાફિકની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. મોડી રાત સુધી શહેરના મુખ્ય બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. જેના કારણે અનેક માર્ગો પર લાંબી કતારો લાગી ગઈ હતી. શહેરના જ્યુબિલીબાગ, પદ્માવતી શોપિંગ સેન્ટર , ચાર દરવાજા સહિત ફતેગંજથી કાલાઘોડા અને જેલ રોડ સુધીના વિસ્તારમાં વાહનો ધીમી ગતિએ ચાલતા ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.

સંસ્કારી નગરીમાં દિવાળીના તહેવારો ઉજવવા લોકોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. તહેવારો શરૂ થતાં શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઉદભવી છે. બીજી તરફ શહેરના વિવિધ બ્રિજો પર પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જેથી ભારે ટ્રાફિકને કારણે શહેરજનોને મુશ્કેલી પડી હતી. જ્યારે ઈમર્જન્સી વાહનને પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેવાની ફરજ પડી રહી છે. દિવાળીની તૈયારીઓ માટે લોકો સોના-ચાંદી, વાસણો, કપડાં અને ગિફ્ટ આર્ટિકલ્સની ખરીદી માટે બજારોમાં ઉમટી પડ્યા હતા. મંગળ બજાર, ફતેગંજ, અલકાપુરી અને અકોટા વિસ્તારોમાં ભારે ભીડ જોવા મળી હતી. સાંજ બાદ વધતી ભીડને કારણે માર્ગો પર વાહનવ્યવહાર ધીમી ગતિએ ચાલી રહ્યો છે. શહેરના ચાર દરવાજા સહિત ફતેગંજથી કાલાઘોડા અને જેલ રોડ સુધીના માર્ગ પર વાહનોની લાંબી કતારો સર્જાઈ હતી. વાહનચાલક સુનિલભાઈએ જણાવ્યું હતું કે પોલીસની ટ્રાફિક વ્યવસ્થા પૂરતી નથી અને ટ્રાફિક ડાયવર્ઝનની અસરકારક યોજના ન હોવાને કારણે લોકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. મનીષભાઈએ જણાવ્યું હતું કે, આજે ખરીદી માટે બહાર નીકળ્યા હતા. પરંતુ, ટ્રાફિક જામને કારણે ઘરે પહોંચવામાં કલાકો લાગી ગયા હતા. પોલીસની હાજરી હોવા છતાં પરિસ્થિતિ કાબૂમાં આવતી નથી. ખરેખર તહેવારો દરમિયાન વધારાના ટ્રાફિક પોલીસના પોઈન્ટ મુકવા જોઈએ. જેથી ટ્રાફિકનું સંચાલન વ્યવસ્થિત રીતે થાય અને લોકોને મુશ્કેલી ન પડે.

કાલા ઘોડા

રાવપુરા ટાવર

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

દિવાળીની રજાઓમાં 'ઈમરજન્સી' સેવા અડીખમ રહેવા તાકીદ આરોગ્ય-ફાયર વિભાગોને 24x7 સક્રિય રહેવાના આદેશ

ધારાસભ્યોએ મૂકેલા વીજળી, પાણી, રસ્તા અને પ્રોપર્ટી કાર્ડના મુદ્દે અધિકારીઓને 'ટાઇમલાઇન'માં ઉકેલ લાવવા ફરમાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. કલેક્ટરએ દિવાળીના તહેવારની રજાઓના સમયગાળા દરમિયાન આપત્તકાલીન સેવાઓ સક્રિય અને કાર્યરત રાખવા માટે સંબંધિત વિભાગોને તાકીદ કરી હતી. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી રજાઓને કારણે આરોગ્ય, અગ્નિશમન સહિતના આવશ્યક સેવા વિભાગો પ્રભાવિત ન થાય તે માટે તેમણે યોગ્ય ફરજ સોંપણી કરવા માટે સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, અક્ષયભાઈ પટેલ અને ધર્મેન્દ્રસિંહ ઝાલા દ્વારા તેમના મતવિસ્તારને લગતા વિવિધ મુદ્દાઓ અને પ્રશ્નોની વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નોમાં મુખ્યત્વે વીજળી, પાણી, સિંચાઇ, સફાઇ, માર્ગોની સ્થિતિ, આવાસ યોજનાઓ, પુરવઠા અને મહેસુલી સેવાઓ સંબંધિત બાબતોનો સમાવેશ થતો હતો. કલેક્ટરએ તમામ ધારાસભ્યો દ્વારા ઉપસ્થિત કરાયેલા પ્રશ્નોનું સમયસર અને સકારાત્મક નિરાકરણ લાવવા માટે સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ગાયત્રીબા મહિડા, જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરા, પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ, નિવાસી અધિક કલેક્ટર બી.એસ. પટેલ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે જનપ્રતિનિધિઓના પ્રશ્નોને ગંભીરતાથી લઈ જનહિતમાં ત્વરિત કામગીરી કરવા માટે તમામ અધિકારીઓને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

ધારાસભ્યોની મુખ્ય રજૂઆતો

કરજણ ધારાસભ્ય અક્ષય પટેલ

» કરજણમાં બનેલી સોસાયટીઓના પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી અટકેલી હોય તે પૂર્ણ કરવા.
» નર્મદા કિનારે હોડીઓની અવરજવરને કાયદેસર કરવા.
» લાંબા સમયથી બંધ પડેલી પ્રાંત કક્ષાની સસ્તા અનાજની દુકાનો ફરીથી કાર્યરત કરવા.
» નવા બ્રિજ બનાવવા માટે સંપાદન થયેલી જમીનોના વળતરના રૂપિયા ખેડૂતોને વહેલી તકે ચૂકવવા.

વાઘોડિયા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા

» વાઘોડિયા વિધાનસભા મત વિસ્તારના પીકઅપ બસ સ્ટેન્ડની જર્જરિત હાલત હોવાથી તેને તાત્કાલિક રીપેર કરવા અથવા નવા બનાવવા.
» વાઘોડિયાથી જરોદ તેમજ વાઘોડિયાથી વડોદરા તરફના મુખ્ય માર્ગો પર પડેલા ખાડાઓ અને ખરાબ રસ્તાઓને નવા બનાવવા.
» ખેડૂતોની જમીન માપણીની કામગીરી સમયસર પૂર્ણ કરી આપવા.
» તમામ પડતર કામો વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

ડભોઈ ધારાસભ્ય શૈલેષ મહેતા

» ડભોઈ વિધાનસભા મતવિસ્તારમાં બંધ કરાયેલી એસ.ટી. બસ સેવાઓ પુનઃ શરૂ કરવા. » રેલ્વે ગરનાળામાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા. » ડભોઈ રેફરલ હોસ્પિટલની જર્જરિત ઇમારત અંગે કાર્યવાહી કરવા. » પ્રોપર્ટી કાર્ડના વિવાદ મુદ્દે યોગ્ય નિરાકરણ લાવવા.

3 વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા બાદ ત્રીજા પ્રયત્ને બે ઇજારદારો પાસેથી ભાવપત્ર મળ્યા

રૂ. 39.26 કરોડના ખર્ચે લક્ષ્મીપુરામાં નવી ઊંચી ટાંકી, ભૂગર્ભ સંપ અને પાણી નેટવર્કનું કામ કરાશે

ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા વડોદરા મહાપાલિકાને 99 વર્ષના લીઝ રાઈટ્સ હેઠળ ટોકન ભાડે ટાંકી, તળાવ અને ગાર્ડન બનાવવા જમીન ફાળવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગે પશ્ચિમ ઝોનના લક્ષ્મીપુરા વિસ્તારમાં લાંબા સમયથી ચાલતી પાણીની તકલીફ દૂર કરવા માટે મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ કામમાં ઊંચી ટાંકી/બુસ્ટર, ભૂગર્ભ સંપ, ફીડર લાઇન, પંપિંગ મશીનરી, ઈન્સ્ટ્રુમેન્ટેશન, સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડીલીવરી નેટવર્ક સાથે 5 વર્ષ સુધીના ઓપરેશન અને મેન્ટેનન્સ (O|M) નો સમાવેશ છે. આ કામગીરી રૂ.28.87/- કરોડના અંદાજ સામે 36 ટકા વધુ, એટલે કે રૂ.39.29/- કરોડ(GST ઉપરાંત) ના ખર્ચે ઈજારદાર મે. આર.સી. પટેલને સોંપવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. લક્ષ્મીપુરા વિસ્તાર સુભાનપુરા, ગોરવા અને ગાયત્રીનગર ટાંકીના કમાન્ડ વિસ્તારમાં આવેલો છે જ્યાં અવારનવાર લો પ્રેશર અને પાણી ન મળવાની ફરિયાદો આવતા રહી છે. વિસ્તારના ભવિષ્યના વિકાસ અને વધતી વસ્તીને ધ્યાને રાખી નવી ઊંચી ટાંકી, ભૂગર્ભ સંપ અને ફીડર નેટવર્કની જરૂરિયાત ઉઠાવવામાં આવી હતી.

સ્થાનિક ધારાસભ્ય (સયાજીગંજ) અને સભાસદોએ વારંવાર આ કામ માટે રજૂઆતો કરી હતી. ધારાસભ્ય દ્વારા ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ ગોરવા લક્ષ્મીપુરા ખાતે દશામાં મંદિર નજીક સિટી સર્વે નંબર 215ની જમીન પર ટાંકી, તળાવ અને ગાર્ડન બનાવવા નક્કી થયું હતું. આ જમીન હાઉસિંગ બોર્ડ દ્વારા વડોદરા મહાનગરપાલિકાને 99 વર્ષના લીઝ રાઈટ્સ હેઠળ ટોકન ભાડે ફાળવવામાં આવી છે, જેમાં જમીનના હક્કો હાઉસિંગ બોર્ડ પાસે જ રહેશે. Ray Infrastructure Pvt. Ltd. નામની કન્સલ્ટન્ટ ફર્મ દ્વારા રૂ.35.81 કરોડ (GST સહીત)નો અંદાજ તૈયાર કરાયો હતો. ત્રણ વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા બાદ ત્રીજા પ્રયત્ને બે ઈજારદારો પાસેથી ભાવપત્ર મળ્યા હતા. તેમાં આર.સી. પટેલનો ભાવ અંદાજ કરતાં 42.30 ટકા વધુ હતો, પરંતુ અનેકવાર ભાવઘટાડા માટેના પત્રવ્યવહાર બાદ તેમણે કુલ 36 ટકા વધુના દરે કામ કરવા સંમતિ આપી હતી. કન્સલ્ટન્ટ ફર્મ દ્વારા પણ હાલની બજાર સ્થિતિ પ્રમાણે આ ભાવ વ્યાજબી હોવાનું અભિપ્રાય આપવામાં આવ્યો છે. ટેન્ડર સ્ક્રુટીની કમિટીએ 17 જુલાઈ 2025ના રોજ આ ભાવને બહાલી આપી હતી. કામની વેલિડિટી 9 સપ્ટેમ્બર 2025 સુધી છે. આ પ્રોજેક્ટનો સમાવેશ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના 2025-26ની ગ્રાન્ટ હેઠળ કરાયો છે.

74મા કોન્વોકેશનમાં ચીફ ગેસ્ટ તરીકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિતિ રહેશે

વિદ્યાર્થીઓની આતુરતાનો આવ્યો અંત MSUમાં 8 નવેમ્બરે યોજાશે કોન્વોકેશન

પાંચ સપ્ટેમ્બરે કોન્વોકેશન યોજવા નક્કી કરાયું પણ નવા વીસીની નિમણૂક બાદ વિલંબ થયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં કોન્વોકેશનની રાહ જોતા વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવ્યો છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પદવિદાન સમારોહ આગામી આઠમી નવેમ્બરના રોજ યોજવા નિર્ણય લેવામાં આવ્યો છે. ચીફ ગેસ્ટ તરીકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો પદવિદાન સમારોહ છેલ્લા ચાર વર્ષથી અનિયમિત ચાલી રહ્યો છે. જેના કારણે યુનિવર્સિટીમાંથી સ્નાતક અને અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે જવું હોય તો તેમને શૈક્ષણિક પ્રક્રિયા લંબાઈ જાય છે અને તેમની શૈક્ષણિક કારકિર્દી પર નકારાત્મક અસર થાય છે. અગાઉ વિદ્યાર્થી સંગઠનો દ્વારા યુનિવર્સિટીના વી.સી.પ્રોફેસર ભાલચંદ્ર ભાણગે અને રજિસ્ટાર પ્રો. કે.એમ ચુડાસમાને વહેલી તકે યુનિવર્સિટીના પદવીદાન સમારોહની તારીખ જાહેર કરવા માટે માંગણી કરી હતી. ત્યારે, હવે વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવ્યો છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પદવિદાન સમારોહ આગામી આઠમી નવેમ્બરના રોજ યોજાશે. આ સમારંભમાં રાજ્યના ગવર્નર આચાર્ય દેવ વ્રત ઉપસ્થિત રહેશે. રજીસ્ટાર કે.એમ ચુડાસમાએ પદવીદાન સમારોહ અંગે જણાવ્યું હતું કે એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડાનું આગામી કોન્વોકેશન છે એ આઠમી નવેમ્બરે નિર્ધારિત થયું છે જેમાં ચીફ ગેસ્ટ તરીકે ગવર્નર આવશે. પદવિદાન સમારોહમાં કુલ 14,531 વિદ્યાર્થીઓએ ડિગ્રી માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા ગોલ્ડ મેડાલીસ્ટ વિદ્યાર્થીઓની યાદી પણ તૈયાર કરી દેવાઇ છે. દર વર્ષે ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓને તેમના મેરીટ પ્રમાણે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવે છે. જો કે હજી સુધી યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા આગામી યોજનાર કોન્વેકશનને લઈને સત્તાવાર વિદ્યાર્થીઓની યાદી જાહેર કરવામાં આવી નથી. નોંધનીય છે કે, 21 દિવસના દિવાળી વેકેશન બાદ બીજા સત્રની શરૂઆત થશે. ત્યારે, 8 નવેમ્બરે પદવીદાન સમારોહ યોજાશે. જેની માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી ગઈ છે.

ટ્રેનમાં મુસાફરી દરમિયાન ઉંઘી ગયેલી બે મહિલાના રૂ.1.40 લાખના પર્સની ચોરી

પશ્ચિમ રેલવેમાં દોડી રહેલી ટ્રેનોમાં ચોરીના વધતા બનાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

પશ્ચિન રેલવેમાં દોડી રહેલી ટ્રેનમાં મુસાફરી કરતી મુંબઈની બે મહિલાઓ ઉંઘી ગઈ હતી. ત્યારે ગઠિયાઓએ તેમની ઉંઘનો લાભ લઈને રોકડ રકમ અને સોનાના દાગીના તેમજ મોબાઈલમળી રૂ.1.40 લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયાં હતા. રેલવે પોલીસે બંને ચોરીના આરોપીઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે વડોદરામાં દોડતી અલગ અલગ ટ્રેનોમાં મુસાફરોના કીમતી સામાનની ચોરીના બનાવો બનતા રહે છે. જેને લઈને રેલવે પોલીસ દ્વારા સતત ટ્રેનોમાં તથા પ્લેટફોર્મ પર પેટ્રોલિંગ અને ચેકિંગ કરાતું હોય છે. 21 માર્ચના રોજ મુંબઈ સીટીમાં રહેતા નયનાબેન રવિપ્રકાશભાઈ નટ ગઈ 21 જુલાઈ ના રોજ સવાઈ માધોપુર રેલવે સ્ટેશન થી જયપુર- મુંબઈ એક્સપ્રેસ ટ્રેનમાં બેસી મુસાફરી કરતા મુંબઈ જતા હતા. તે દરમ્યાન તેઓનું હેન્ડપર્સ સીટ ઉપર રાખી સૂઈ ગયા હતા. તે દરમિયાન કોઈ ગઠિયો આવ્યો હતો અને તેમની ઉમરનો લાભ લઈને પર્સ લઈને જતો રહ્યો હતો. 22 જુલાઈના રોજ એક વાગ્યાની આસપાસ મહિલા ઉઘમાંથી જાગ્યા હતા ત્યારે સીટ પર મૂકેલું તેમનું પર્સ જોવા મળ્યું ન હતું. પર્સની ટ્રેનમાં આસપાસ શોધખોળ કરી હતી પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો. બીજા બનાવમાં કચ્છ બાન્દ્રા એક્સ ટ્રેનમાં મહિલા પોતાના માથાના પારે રૂ.52 હજારની મતા ભરેલું પર્સ રાખીને સુઇ ગયા હતા. ત્યારે કોઇ ગઠિયો તેમનું પર્સ ચોરી કરી નો દો ગ્યારાહ થઇ ગયો હતો. રેલવે પોલીસે બંને બનાવમાં ચોરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

એસીપી જી બી બાંભણયી દ્વારા દ્વારા વધુ ત્રણ આરોપીની ધરપકડ કરાઇ

ગુજસીટોકના ગુનામાં સુનિલ પાન ગેંગના ત્રણ સાગરિતોના 14 દિવસના રિમાન્ડ

અન્ય બે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો એક્શનમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેર અને અન્ય જિલ્લાઓમાં છેલ્લા 10 વર્ષમાં લૂંટ, રાત્રીના ઘરફોડ, ચોરી વાહનચોરી સહિતના વિવિધ ગુનાને સુનિલ પાન ગેંગ દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. ત્યારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ સુનિલ પાનગેંગ વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો નોંધી ત્રણ આરોપીને ધરપકડ કરી લીધી છે.આજે તેમને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માગણી કરતા મેડિસ્ટ્રેટ દ્વારા 14 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

વડોદરા શહેરના દુમાડ ગામ નવીનગરીમાં રહેતા સુનિલસિંગ પાનસિંગ ઉર્ફે અર્જુનસિંગ બાવરી તેમજ તેના અન્ય સાગરીઓએ સાથે મળીને વડોદરા શહેર અને આસપાસના વિસ્તારમાં તેમજ ગુજરાત રાજ્યાના અલગ અલગ જિલ્લાઓમાં હથિયારો દ્વારા હુમલો, ઘરફોડ, ચોરી અને ગંભીર પ્રકારના ગુના મળીને 96 જેટલા ગુનાને અંજામ આપ્યો હતો. આ આરોપીઓ દ્વારા અલગ અલગ સંગઠીત સુનિલ પાન ગેંગ બનાવીને ગુના આચરી હતી અને આગામી દિવસોમા ગુના આચરે તેવી શક્યતા છે. ઉપરાંત ગુના આચરવા માટે એકબીજા સાથે સંપર્ક ધરાવતા આરોપી સુનિલસિંગ પાનસિંગ બાવરી સહિત 9 આરોપીઓ સામે ગુજસીટોકનો ગુનો સમા પોલીસ સ્ટેશનમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એચ ડી તુવરે ફરિયાદ નોંધાવી આપી છે. સુનિલસિંગ પાનસિંગ ઉર્ફે અર્જુનસિંગ માયાસિંગ બાવરી (સરદાર), કિરપાલસીંગ ઉર્ફે પાલેસીંગ તારાસીંગ તીલપીતીયા, ભીલસીંગ ઉર્ફે સંતોકસીંગ રતનસીંગ ટાંક (સીકલીગર) અમરસિંગ ઉર્ફે પાપી લોહરસિંગ, પ્રેમસિંગ ઉર્ફે ભીમા સતનામસિંગ બાવરી (સિક્લીગર) અને કુલદિપસિંગ ઉર્ફે સન્ની ભગતસિંગ બાવરીની એસીપી એચ ડિવિઝન જી બી બાંભણીયા દ્વારા ધરપકડ કરાઇ હતી. ત્યારે 18 ઓક્ટોબરા રોજ છ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી 30 દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા 14 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં છે.

સોમવારે યોજાનારી સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે દરખાસ્ત રજૂ કરાઈ

વાસણા તળાવથી જકાતનાકા સુધીના 320 મીટર લાંબા ખુલ્લા કાંસ પર સ્લેબ ભરાશે

નેટ અંદાજીત રકમથી 7% ઓછા મુજબ રૂ. 1.28/- કરોડના દરે કામ ઇજારદારને સોંપાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. 10ના વિસ્તારમાં વાસણા તળાવથી વાસણા જકાતનાકા સુધીના ભાગમાં આવેલ રહેણાંક વિસ્તારના જુના ખુલ્લા વાસણા-બાંકો કાંસ પર સ્લેબ ભરવાનું કામ મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. નાગરિકોના આરોગ્ય અને જાહેર સલામતીને ધ્યાનમાં રાખી આ વિસ્તારમાં આર.સી.સી. બીમ સાથે સ્લેબ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. વરસાદી ગટરના એમ્પેનલ્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ મે. રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. દ્વારા અંદાજે 320 રનિંગ મીટર લંબાઈના કામ માટે કુલ રૂ. 1.74 કરોડ (જી.એસ.ટી. સહીત)નો ગ્રોસ અંદાજ તૈયાર કરવામાં આવ્યો હતો. આ માટે ત્રીજા પ્રયત્ને ઑનલાઈન ભાવપત્રો મંગાવવામાં આવ્યા હતા, જેમાં બે ઈજારદારોના ટેન્ડર મળ્યા હતા. ટેન્ડર સ્ક્રુટિની કમિટીની તપાસ બાદ મે. એચ.બી. એન્જીનીયર્સ અને મે. શ્રી હરી કન્સ્ટ્રક્શન કું. બંને ક્વોલીફાય થયેલા હતા. મે. એચ.બી. એન્જીનીયર્સે નેટ અંદાજીત રકમ રૂ. 1.38/- કરોડથી 7.20% વધુના રૂ. 1.48/- કરોડનું ભાવપત્ર આપ્યું હતું, જ્યારે મે. શ્રી હરી કન્સ્ટ્રક્શન કું.એ 9.72% વધુના રૂ. 1.51 કરોડના ભાવ આપ્યા હતા.

ભાવઘટાડા માટે બોલાવ્યા બાદ મે. એચ.બી. એન્જીનીયર્સે તબક્કાવાર ઘટાડો કરીને અંતે નેટ અંદાજીત રકમથી 7% ઓછા મુજબ રૂ. 1.28/- કરોડના દરે કામ કરવા તૈયાર હોવાનું લખિતમાં દર્શાવ્યું. સલાહકાર મે. રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.ના અહેવાલ મુજબ આ ભાવ પ્રવર્તમાન બજાર દરની સરખામણીમાં 8.41% ઓછા છે અને સ્થળની સ્થિતિને અનુરૂપ યોગ્ય છે. આ અભિપ્રાય બાદ ટેન્ડર સ્ક્રુટિની કમિટીએ તારીખ 29 સપ્ટેમ્બર 2025ના રોજ યોજાયેલી બેઠકમાં આ ભાવપત્રને મંજુરી માટે ભલામણ કરી હતી. આ કામનો ખર્ચ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના - વર્ષ 2024-25ની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે. ઈજારદારને જી.એસ.ટી.ની રકમ અલગથી ચૂકવવામાં આવશે. હાલ આ દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મંજુરી માટે રજૂ કરવામાં આવી છે.

ટ્રક સાથે ટુ વ્હિલર ભટકાતા, એક્ટિવા સવાર માતાનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના તરસાલી નવીનગર મસ્જિવાળી ગલીમાં રહેતા ઉજેત મહંમદ શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ 1 ઓક્ટોબરના રોજ રાત્રીના સમયે એક આઇસરના ચાલકે સોમાતળાવ ચાર રસ્તા પાસે આવેલી નવી બંધાયેલી બિલ્ડિંગની સામે ઉભી રાખી હતી. ત્યારે દરમિયાન મોડી રાત્રીના સમયે એક્ટિવા ચાલક ટ્રકની પાછળ ભટકાઇ હતી. જેમાં ચાલક અને તેમની પાછળ બેઠેલા તેમના માતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમના સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા.ત્યાં 18 ઓક્ટોબરના રોજ સારવાર દરમિયાન ઉજેત શેખની માતાનું મોત નિપજ્યું હતું. પાણીગેટ પોલીસ દ્વારા અકસ્માતે મોતને ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા પાલિકાએ 133 સફાઈ મિત્રોને રોજીંદારી કર્મચારી તરીકે રૂપાંતરિત કર્યા

720 દિવસની હાજરી બાદ એન્જીનિયરિંગ વિભાગના સામાન્ય વહીવટ વિભાગનો નિર્ણય

સફાઈમિત્રની ઉંમર 18 વર્ષથી ઓછી કે 60 વર્ષથી વધુ હોવાનું બહાર આવશે તો રોજીંદારીમાં રૂપાંતર આપોઆપ રદ ગણાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગરપાલિકાના એન્જીનિયરિંગ વોર્ડમાં ડ્રેનેજ સફાઈ કામગીરી માટે કામ કરતા માનવદિન આધારિત 133 સફાઈમિત્રોને રોજીંદારી કર્મચારી તરીકે રૂપાંતરિત કરવામાં આવ્યા છે. 720 દિવસથી વધુ હાજરી ધરાવતા આ સફાઈમિત્રોને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કાર્યવાહી કરીને રોજીંદારીમાં લેવામાં આવ્યા છે. મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ, એન્જીનિયરિંગ વિભાગમાં ડ્રેનેજ સફાઈ માટે માનવદિન ધોરણે સફાઈમિત્રો કામ કરતા હતા. તબક્કાવાર તપાસ કરીને, જેમની હાજરી 720 દિવસથી વધુ નોંધાઈ છે એવા કર્મચારીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ આધારે કુલ 133 માનવદિન (ડ્રેનેજ) સફાઈમિત્રોને રોજીંદારી કર્મચારી તરીકે પરિવર્તિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગે દરેક ઈસમના હાજર દિવસો સંબંધિત વિભાગો પાસેથી મળેલી માહિતીના આધારે ચકાસણી કરીને અંતિમ યાદી તૈયાર કરી છે. જો બાદમાં ઓડિટેડ હાજરી પત્રકોમાં વિસંગતતા અથવા ક્ષતિ જણાશે, અથવા કોઈ સફાઈમિત્રની ઉંમર 18 વર્ષથી ઓછી કે 60 વર્ષથી વધુ હોવાનું બહાર આવશે તો તેમનો રોજીંદારીમાં રૂપાંતર આપોઆપ રદ ગણાશે.

તે ઉપરાંત, રૂપાંતરિત થયેલા કર્મચારીએ 30 દિવસની અંદર હાજર થવું ફરજિયાત રહેશે. જો તેઓ હાજર નહીં થાય તો આ હુકમ રદ ગણાશે. દિવાળી પ્રસંગે 133 સફાઈમિત્રોને રોજીંદારીમાં લેવામાં આવતા તેઓ અને તેમના પરિવારમાં આનંદનો માહોલ જોવા મળ્યો છે. મહાનગરપાલિકાની આ કાર્યવાહી સફાઈમિત્રો માટે દિવાળીની ખાસ ભેટ સાબિત થઈ છે.